**બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી અંગે.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૦૬–૧૪૨૨–ગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૭ ઓગષ્ટ–૨૦૦૮

**વંચાણે લીધા :–**

૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૯૯–૭૪૧(૨)–ગ, તા.૨–૭–૯૯
૨. નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : ખરચ–૨૦૦૨–૫૭–ઝ–૧, તા.૧૬–૨–૦૬
૩. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૦૬–૧૪૨૨–ગ, તા.૨૮–૧–૦૮

**આમુખ :–**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ તા.૨૮–૧–૨૦૦૮ ના ઠરાવ અન્વયે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની નિમણુંકો કરવા અંગે તેમાં દર્શાવેલ શરતોને આધીન ભરવાની મંજુરી આપવામાં આવેલ છે. સદર ઠરાવમાં સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉપર (૩) આગળ વંચાણે લીધેલ તા.૨૮–૧–૨૦૦૮ ના ઠરાવના ફકરા નં. ૫ પછી નીચે દર્શાવ્યા મુજબ ફકરો નં.૬ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

" બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ–૩ અને વર્ગ ૪ ની ધોરણ મુજબ મળવાપાત્ર થતી બિન શૈક્ષણીક જગ્યાઓ અને તે પૈકી કરકસરની સુચનાઓ મુજબ ૨૦ ટકા કાપ કરીને ભરવાપાત્ર થતી તમામ બિન શૈક્ષણીક જગ્યાઓ નાણાં વિભાગના તા.૧૬–૨–૨૦૦૬ ના ઠરાવની શરતોને આધિન ફિકસ વેતનથી ભરવાની રહેશે. "

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

સહી/અવાચ્ય
(જે.એ.મેકવાન)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક : માધ્ય/ખ–૧/૦૮–૦૯/૬૬૦૪ – ૬૯૬૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ
તા. ૧૬/૯/૨૦૦૮

**પ્રતિ,**
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્યમિક / ઉચ્ચ.માધ્યમિક ગ્રાંટેડ શાળાઓ,
રાજકોટ જિલ્લો.,
રાજકોટ.

**નકલ જાણ તથા અમલાર્થે .**

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

**નકલ રવાના :**

– શિક્ષણ નિરીક્ષકશ્રી, મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ, આ કચેરી,